# "કિસને બંસી બજાઈ આધી રાત કો..." : ઉદ્ધવ ઠાકરે

## મહારાષ્ટ્રમાં અચાનક સર્જાયેલા આ ઘટનાક્રમ બાદ દિવસભર સોશિયલ મીડિયા પર ચોટદાર ચબરકીયા છવાયેલા રહ્યા

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા કેટલાક દિવસથી મહારાષ્ટ્રમાં ચાલી રહેલા દિલધડક રાજકીય નાટકનો આજે એકદમ અણધાર્યા વળાંક સાથે અંત આવ્યો હતો અને ભાજપે ફરી એકવાર ચીલલી ગાડીએ તમામ રાજકીય ખેરખા અને પંડિતોને ચિત્ત કરી દીધા છે, શરદ પવાર જેવા રાજકારણના અઠંગ ખેલાડીને પણ કળ ના વળે તેવો જનોઈ વઢ ઘા આપતા તેના જ વિશ્વાસુ ને રાતોરાત નાયબ મુખ્યમંત્રી બનાવીને ફરી એકવાર મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસની આગેવાની હેઠળ સરકાર રચી દીધી છે. શરદ પાવર, ઉદ્ધવ ઠાકરે, સોનિયા ગાંધી, સંજય રાઉત, અહેમદ પટેલ સહિતના તમામ નેતાઓ મોદી-શાહની ચાલ સમજવામાં ઉંધા મોએ પછડાયા છે. અચાનક સર્જાયેલા આ ઘટનાક્રમ બાદ સોશિયલ મીડિયા પર નેટિઝન્સે પણ ભારે પ્રતિક્રિયા સાથે ચોટદાર ચબરકીયા વહેતા કરીને આ નેતાઓની ખીલ્લી ઉડાવી છે. અત્રે પ્રસ્તુત છે કેટલાક ટુચકા જે દિવસભર સોશિયલ મીડિયા પર છવાયેલા રહ્યા હતા :

- ગજબનો ઊગ્યો છે આજે દિવસ : અખબારમાં લખ્યું છે કે ઉદ્ધવ ઠાકરે સીએમ બનશે અને ટીવી પર દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રીના શપથ લઈ રહ્યા છે.
- આજનું જ્ઞાન : 'અણુબોંબ કરતા અમિત શાહનું મૌન વધારે ખતરનાક છે'.
- ઓલા ન્યુઝઃ ઓલાએ ઓલા ને કીધું'તું કે હું તને ઓલું આપીશ. ઓલો ઓલો બનવા માટે થનગનતો હતો ત્યાં રાતમાં ઓલા એ ઓલા ને પટાવી લીધો અને ઓલો સવારે બેસે તે પહેલા ઓલો શપથ લઈ ગયો. ઓલામાં હવે ઓલાની અપેક્ષા ન રખાય. આ તો ઓલા ની રમત છે. ઓલો હવે મંજીરા વગાડશે અને ઓલો જલસો કરશે જ્યારે ઓલા શોકમાં છે.
- મહારાષ્ટ્રમાં ખીચડીનું કુકર ગેસ પર રહી ગયું..ને મોટાભાઈએ ચૂલા પર દાળ-ભાત બનાવીને જમી પણ લીધાં..
- મોદી એ શરદ પવાર ને ખાલી એટલું જ પૂછ્યું હશે.. "હવે, આશારામ સાથે રહેવું છે કે અમારી સાથે? અને ફડણવીસ મુખ્યમંત્રી બની ગયા."
- આજ ની શીખ :- રાજકારણ હોય કે ધંધો સવારે વહેલુ ઊઠવું નહિતર ઉઠાંમણા થાય!!!!
- આજનું દ્રશ્ય... : વરરાજા (શિવસેના) સેહરા પહેરીને બેઠા



હતા બારાતી (કોંગ્રેસ)પાર્ટી જમવાની રાહ જોતા હતા અને દુલ્હન (એનસીપી) તેના પ્રેમી(ભાજપ) સાથે ભાગી ગઈ...
- વિશ્વનાથન આનંદે પણ અમિત શાહ સાથે ચેસ રમવાનો ઈનકાર કરી દીધો હતો.

- વિશ્વસનીય સ્ત્રોતો તરફથી પ્રાપ્ત સમાચાર
- હજુ શિવસેના તો પાર્લરમાં હતી અને ત્યાં દેવેન્દ્ર ફડણવીસ ઘોડે પણ ચઢી ગયા...
- મહારાષ્ટ્રની રાજનીતિ :
શિવસેના : તેરી ગલિયોમે ના રખેગે કદમ આજ કે બાદ..
ભાજપ : તુમ અગર મુજકો ના ચાહો તો કોઈ બાત નહીં, તુમ કિસી ગૈર કો ચાહોગી તો મુશ્કિલ હોગી.
- શિવસેના આજે સવારે : મૈંને ચાંદ ઔર સિતારો કી તમમ્ના કી થી... મુજે રાતો કી સિયાહી કે સિવા કુછ ના મિલા...
- સહેરા સજાકે મે બેઠા થા સુહાગ રાત કા.. દુલ્હન હી ભગા કે લે ગયા મોટાભાઈ ગુજરાત કા..

– શાયર સંજય રાઉત
- ભાઈ, જે બન્યું.. તમે આ શીખ્યા.. સંજય રાઉત જેવા સલાહકાર ન રાખો.. શરદ પવાર અને અમિત ભાઈ શાહ જેવી ગંભીરતા રાખો.. શિવસેનાની જેમ અધીરાઈ રાખશો નહીં.. તકવાદી કોંગ્રેસ જેવું ના બને.. મોટાભાગના સંબંધો ફક્ત નફા માટે હોય છે.. બાળકોની જીદ હંમેશાં જીવલેણ હોય છે.. લાયક ના બને ત્યાં સુધી તેમણે વારસો તેમને સોંપો નહીં.. કોઈકના વિરોધમાં પણ તરફેણ છુપાયેલી હોય છે.. મહત્વપૂર્ણ નિર્ણયો દરમિયાન બિનજરૂરી લોકો (મીડિયા)થી અંતર રાખો અથવા તેમને બીજે ક્યાંય વ્યસ્ત રાખો.. અને છેલ્લે સૌથી મહત્વપૂર્ણ.. રાજકીય ચર્ચા પોતાની હેસિયત અનુસાર કરો.. રાજકારણ ખરેખર એક ખૂબ ઊંચી ચીજ છે, જેનું અનુમાન કરવું દરેકની પહોચમાં નથી હોતું...
- મહારાષ્ટ્રમાં ભાજપ + એનસીપીની સરકાર બની, દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બન્યા, અજિત પવાર નાયબ મુખ્યમંત્રી બન્યા અને ઉદ્ધવ ઠાકરે "મૂર્ખ-મંત્રી" બન્યા...
- દરેક વ્યક્તિને લાગે છે કે... બદામ અને અખરોટ ખાવાથી મન તેજસ્વી થાય છે, પરંતુ હવે સમજો ... ઢોકળાં, ફાફડા, ખાખરા અને થેપલાથી પણ એવું જ થાય છે!
- અમિત શાહ (ઉદ્ધવ ઠાકરેને સાન્તવના આપતા) : દિલ છોટા ના કર, તું નેશનલ ચેમ્પિયન સે હારા હૈ...
- ધૃતરાષ્ટ્ર (ઉદ્ધવ) : "સંજય ક્યાં દીખ રહા હૈ?" સંજય : આપ કા વિનાશ...
- હમ સરકાર મે આતે હૈ.. કિસીકી સમજ મે નહીં.. – મોદી-શાહ
- અમિત શાહ (મોદીને) : ઉદ્ધવને બોલા હૈ કી એનસીપી કે સાથ જાને મે કુછ ગલત નહીં... મોદી : ઠીક હૈ ફીર એનસીપી કે સાથ જાતે હૈ...
- અબ યે અફવાહ કૌન ફૈલા રહા હૈ કી એનારસી કા મતલબ "ના રહેગી કોંગ્રેસ" હૈ...
- ઉદ્ધવ ઠાકરેના ઘરેથી રાતભર એક જ ગીતનો અવાજ આવતો હતો.. "કિસને બંસી બજાઈ આધી રાત કો..."



### મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં હેલ્થ ચેકઅપ અને એક્ટિવિટી કેમ્પ યોજાયો

સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસ્યુટિકલ સાયન્સિસ ધણપના એનએસએસ યુનિટ દ્વારા મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમ પર હેલ્થ ચેકઅપ અને એક્ટિવિટી કેમ્પ યોજવામાં આવ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓએ વૃધ્ધોની ઊંચાઈ, વજન, બીપી, ડાયાબિટીસ માપીને યોગ્ય માર્ગદર્શન આપ્યુ હતુ. આ કેમ્પમાં ફ્રૂટ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું અને કોલેજ તરફથી બપોરનું ભોજન પીરસ્યુ હતુ. કોલેજના વિદ્યાર્થીઓએ વૃધ્ધાશ્રમની પ્રથમ મુલાકાત સ્મરણીય બની રહેતાં ભવિષ્યમાં વૃધ્ધોની સેવાનો લ્હાવો અને મદદરૂપ થવાનો શુભ સંદેશાનો સ્વીકાર કર્યો હતો. રાહેલબા વૃધ્ધાશ્રમના કન્વીનર યશવંતસિંહ ઝાલા અને નિર્મલાબેન દ્વારા સર્વેનું સ્વાગત કરી આભાર માન્યો હતો.

# દોઢ દાયકાના અંતે સર્કલોને નવતર થીમ પર વિકસાવવા માંગ

## માત્ર વાઇબ્રન્ટ દરમિયાન સર્કલોની સાફ સફાઇ થાય છે : આકર્ષણ ગુમાવતા સર્કલોમાં સુકારો અને ગંદકી : તુટેલી દિવાલો અને ગ્રીલ પણ રીપેર થતા નથી

ગાંધીનગર તા ૨૩

નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જ તંત્રના વિઝનમાં આવે છે. સર્કલોની જાળવણીના



મુદ્દે વાઈબ્રન્ટ સમિટ વેળાએ સંસ્થાઓને પત્ર લખી દેવાય છે. વર્ષ દરમિયાન જવાબદાર સંસ્થાઓ દ્વારા સર્કલની જાળવણી માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવતી નથી જેના લીધે શહેરના સર્કલો હવે માત્ર માર્ગ વચાળેના રાઉન્ડ સિવાય કાઈ વિશેષ છાપ ઉપસાવી શકતા નથી. દોઢ દાયકા અગાઉ વિવિધ થીમ પર વિકસાવવામાં આવેલા સર્કલોને નવો લુક આપવા માટે તંત્રએ નવતર આયોજન કરવુ જોઈએ તેવી પણ પ્રબળ માંગ ઉઠવા



પામી છે.

શહેરના સર્કલોની જાળવણી મામલે જવાબદાર સંસ્થાઓ ઉદાસીનતા સેવી રહી છે. સર્કલો વિકસાવવા માટે અગાઉ તંત્ર દ્વારા નગરની સંસ્થાઓને કામ સોંપવામાં આવ્યુ હતુ. જયારે સમય જતા સંસ્થાઓને સર્કલોની જાળવણી માટે પણ સમયાંતરે કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવતા હાલ નગરના અંદાજિત ૨૬ જેટલા સર્કલોની જાળવણીની જવાબદારી વિવિધ સંસ્થાઓ સંભાળી રહી છે. નગરના આ સર્કલો છેલ્લા ઘણાં સમયથી જાળવણીના અભાવે ખંડેર બની રહ્યા છે. સર્કલોની વચ્ચે ભારોભાર ગંદકી ખદબદી રહી છે. જયારે સર્કલો વચ્ચે નિખરતી હરિયાળી પણ આકર્ષણ ગુમાવી રહી છે. શહેરમાં વિવિધ થીમ પર વિકસાવાયેલા સર્કલો પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ વર્ષ દરમિયાન સર્કલોની જાળવણીના મામલે જવાબદાર સંસ્થાઓ જ ઉદાસીનતા સેવતા નગરના વિવિધ માર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ સર્કલ વિકાસની વાત તરફ ગણતરીના દિવસો પુરતુ ધ્યાન આપવામાં આવે છે. જયારે સર્કલોના વિકાસની જવાબદારી સંભાળતી સંસ્થાઓને માત્ર નોટીસ આપી તંત્ર પણ સંતોષ માની લે છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ સર્કલ વિકાસની યોજના અન્વયે જવાબદાર સંસ્થાઓને પત્ર લખી તંત્રએ સર્કલોની જાળવણી કરવ માટે તાકીદ કરી હતી. જયારે વાઈબ્રન્ટ સિવાય સર્કલોની જાળવણીનો મુદ્દો વિસરાતા સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે. સર્કલોની રોનક ઓસરી ગઈ છે. વિવિધ થીમ પર વિકસાવવામાં આવેલા સર્કલો મુલાકાતીઓ માટે કોઈ ખાસ આકર્ષણ ઉભુ કરી શકતા નથી. જયારે દોઢ દાયકાથી વધુ સમયના અંતે હવે સર્કલ વિકાસની યોજના અન્વયે તંત્રએ નવતર આયોજન કરવુ જોઈએ. જયારે જરૂર જણાંય તો સર્કલોને જુદી થીમ પર ડેવલપ કરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી લોકભાગીદારીથી કામ હાથ ધરવુ જોઈએ તેવો પણ સુર સ્થાનિક રહીશોમાં ઉઠવા પામ્યો છે.

# કલોલ-સાંતેજના લીસ્ટેડ બુટલેગર પાસા હેઠળ જેલમાં ધકેલાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરનો લીસ્ટેડ બુટલેગર અને સાંતેજનો અસામાજીક તત્વની પાસા હેઠળ જેલમાં ધકેલાયા છે. જિલ્લામાં પ્રોહિ-જુગાર અને અન્ય અસામાજીક પ્રવૃતિ આચરતા શખ્સોને પાસા કરવા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાની ટીમે કલોલ શહેરના લીસ્ટેડ બુટલેગર લક્ષ્મણ ઉર્ફે અંગી રજુજી ઠાકોર (રહે. મંગળ ગીરધરની પ્રેસ) સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. તો બીજીતરફ પી.આઈ.વાય. આર.વાઘેલાના માર્ગદર્શન હેઠળ સાંતેજ પોલીસે અસામાજીક તત્વ એવા ઈશ્વર બબાજી ઠાકોર (રહે.વાંસજડા) સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. બંને આરોપીઓના ગુનાહિત ઈતિહાસને ધ્યાને લઈ જિલ્લા મેજીસ્ટ્રેટ કુલદીપ આર્યએ દરખાસ્ત મંજુર કરી અટકાયત માટે વોરંટ ઈશ્યું કર્યુ હતું. જેને પગલે ગાંધીનગર એલસીબીએ લક્ષ્મણ ઠાકોર ઉર્ફે અંગીને ભુજ જેલ ખાતે મોકલી અપાયો હતો. જયારે સાંતેજ પોલીસે ઈશ્વર ઠાકોરને જાપ્તા હેઠળ રાજકોટની જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.



ગાંધીનગર તાલુકા પ્રાથમિક સંઘ દ્વારા જૂની પેન્શન યોજના શરુ કરવા ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ ઉપરાંત અન્ય પડતર માંગણીઓ સંદર્ભે પણ સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

# લૂંટ પ્રકરણ સદર્ભે પોલીસે બે આરોપીના જાહેર કરેલ સ્કેચ

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરના અંજલિ બ્રીજ પર તાજેતરમાં જ મુંબઈના વેપારી પાસેથી રૂ.૬૫ લાખના સોનાની લૂંટ મામલે પોલીસે આજે બે આરોપીઓના સ્કેચ જાહેર કર્યા છે. બસમાં મુંબઈથી આવેલા વેપારીને પોલીસકર્મીઓએ નારોલ શાસ્ત્રીબ્રીજ પોલીસ ચોકીમાં લઈ જઈ રૂ.૨૫ હજાર રૂપિયાનો તોડ કર્યો હતો.

વેપારી એકટીવા પર અંજલિ બ્રીજ પરથી જતા હતા ત્યારે બે શખ્સ ચેકીંગના બહાને ૬૫ લાખનું સોનુ લૂંટી શખ્સો ફરાર થઈ ગયા હતા. ખરેખર પોલીસે લૂંટ કરી છે કે પોલીસના નામે લૂંટ કરવામાં આવી છે તેની પોલીસે તપાસ શરૂ કરી છે. હજુ સુધી તો, પોલીસને આ સમગ્ર પ્રકરણમાં કોઈ મહત્વની કડી હાથ લાગી નથી.

આ અંગેની વિગત એવી છે કે, મુંબઈમાં રહેતા નવીનભાઈ સિંધવી ગુરુવારે સોનું લઈને બસમાં અમદાવાદ આવતા હતા. નારોલ શાસ્ત્રી બ્રીજ પાસે બસ રોકી પોલીસે તપાસ કરી હતી.

ટચૂકડી જાહેર ખબર
**ડુપ્લેક્ષ વેચવાનું છે**
૨-હોલ, ૪ રૂમ, ૨-રસોડા, ૧-કેબીન, પેથાપુર ચામુંડા નગર સોસાયટી, ચરેડી વડ પાસે, બિઝનેશ પાર્કની પાસે
**મો. ૯૭૧૪૧૦૯૧૦૮**
**હંસરાજભાઈ સુરીયાલ**

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT – Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS – Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ